# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-12-2024 Day : Tuesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહેચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી ક્રિસમસ ઉજવણી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે સમાજમાં હિંસા ફેલાવવાના પ્રયાસો થાય છે ત્યારે તેમના હૃદયને દુઃખ થાય છે. ગઇકાલે સાંજે નવી દિલ્હીમાં કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ક્રિસમસ ઉજવણીમાં બોલતા પ્રધાનમંત્રીએ થોડા દિવસો પહેલા જ જર્મનીના ક્રિસમસ માર્કેટમાં થયેલા અટેકનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે લોકોને આ પડકારો સામે લડવા માટે સાથે આવવા વિનંતી કરી.**

**કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત તેની વિદેશ નીતિમાં રાષ્ટ્રીય હિત અને માનવ હિત બંનેને પ્રાથમિકતા આપે છે. તેમણે કહ્યું કે આજનું ભારત તેના નાગરિકોને સલામતી માટે લાવવાની તેની ફરજ તરીકે જુએ છે , પછી ભલે તેઓ ગમે ત્યાં હોય અથવા તેઓ ગમે તે સંકટનો સામનો કરે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભગવાન ખ્રિસ્તના ઉપદેશો પ્રેમ, સંવાદિતા અને ભાઈચારાની ઉજવણી કરે છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ ખ્રિસ્તી સમુદાયના અગ્રણીઓ સાથે પણ વાતચીત કરી હતી.**

**નોંધનીય છે કે ભારતમાં કેથોલિક ચર્ચના હેડક્વાર્ટર ખાતે આ પ્રકારના કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ હાજરી આપી હોય તેવો પ્રથમ પ્રસંગ છે.**

---

## સ્વર્ણિમ ભારત વિરાસત & વિકાસ

**સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે 'સ્વર્ણિમ ભારત: વિરાસત ઔર વિકાસ' આ વખતના પ્રજાસત્તાક દિવસ - 2025 માટે ઝાંખીની થીમ હશે. કર્તવ્ય પથ પર પરેડ દરમિયાન 15 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની આ ઝાંખી પ્રદર્શિત કરવા માટે પસંદગી કરવામાં આવી છે. આ રાજ્યોમાં ગુજરાત , દાદર નગર હવેલી અને દમણ અને દીવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 11 મંત્રાલયો અને કેન્દ્ર સરકારના વિભાગને પણ પસંદ કરવામાં આવ્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે પસંદ કરાયેલ ઝાંખી ભારતની વિવિધ શક્તિઓ અને સતત વિકસતી સાંસ્કૃતિક સમાવિષ્ટતાને પ્રદર્શિત કરશે.**

---

## હોસ્પિટલો માટે નવી માર્ગદર્શિકા

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે , પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PMJAY હેઠળ પેનલમાં સમાવિષ્ટ હોસ્પિટલની ગેરરીતિ કોઇ પણ ભોગે સાંખી નહીં લઈ લેવાય. શ્રી પટેલે ગઈકાલે PMJAY યોજનામાં સમાવિષ્ટ હોસ્પિટલો માટેની માર્ગદર્શિકા જાહેર કરી હતી, જે અંતર્ગત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ -2024ની જોગવાઇ હેઠળ પૂર્વનિર્ધારિત સારવારમાં દર્દી અને સગાને પુરતી સમજણ આપતી વખતે વિડીયો રેકોર્ડીંગ સાથેનું સંમતિ પત્રક ફરજીયાત લેવાનું રહેશે. આ ઉપરાંત દર્દીને ડિસ્ચાર્જ કરતી વખતે ડિસ્ચાર્જ સમરીની સાથે સારવાર દરમ્યાન કરવામાં આવેલા લેબોરેટરી , રેડિયોલોજી સહિતનાં નિદાન અહેવાલો ફરજીયાત આપવાના રહેશે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યની તમામ હોસ્પિટલોએ ચેપ અંકુશ અને અટકાયત માટેની ભારત સરકારની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ યોજના હેઠળ થતી ગેરરિતીનાં બનાવો રોકવા સરકારી તેમજ GMERS મેડિકલ કોલેજમાંથી અલાયદી ટીમની રચના કરવામાં આવી છે.

---

## ધો. 5 અને 8માં બઢતી રદ

કેન્દ્ર સરકારે ધોરણ 5 અને 8ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં બઢતી આપવાની નીતિ રદ કરી છે.

કેન્દ્રીય શિક્ષણ સચિવ સંજયકુમારે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે , ધોરણ 5 અને 8ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે. જો તેઓ પુનઃપરીક્ષા પછી ફરીથી નાપાસ થશે, તો તેમને આગલા વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં.

તેમણે કહ્યું કે , આ વિદ્યાર્થીઓનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી શાળામાંથી કાઢી મૂકવામાં આવશે નહીં. સચિવે કહ્યું કે , બાળકોના ભણતરના પરિણામોને સુધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

---

## શ્યામ બેનેગલ

**પ્રખ્યાત હિન્દી ફિલ્મ નિર્દેશક શ્યામ બેનેગલનું ગઇકાલ 90 વર્ષની વયે લાંબી માંદગી બાદ મુંબઇ ખાતે નિધન થયું છે. શ્રી બેનેગલની ગણના સમાંતર સિનેમાના અગ્રણી દિગ્દર્શકોમાં થાય છે. શ્યામ બેનેગલે અંકુર , મંડી, નિશાંત, જુનૂન, મંથન, જેવી અનેક ફિલ્મો આપી છે. તેમના દ્વારા દિગ્દર્શિત દૂરદર્શન સિરિયલ ભારત એક ખોજ ટેલિવિઝન ઇતિહાસમાં એક અવિસ્મરણીય પ્રસ્તુતિ છે.**

**શ્યામ બેનેગલને 1976માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. તેમને ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર દાદા સાહેબ ફાળકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પાંચ વખત શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીતનાર તે એકમાત્ર ફિલ્મ નિર્દેશક છે. શ્યામ બેનેગલને કલાના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ વર્ષ 1991માં ભારત સરકાર દ્વારા પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.**

---